# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં મેઘરાજાની પધરામણી

## ડાંગ, વલસાડ, નવસારી, સુરત, અરવલ્લી, સુરેન્દ્રનગર, રાજકોટમાં ભારે વરસાદ : ડાંગ અને વલસાડના મોટાભાગના તાલુકાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં પાંચ ઈંચથી પણ વધુ વરસાદ : રાજકોટમાં વીજળી પડતા બે લોકોના મોત નિપજ્યા

અમદાવાદ, તા.૨૩

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે દક્ષિણ-પશ્ચિમ મોનસૂને બ્રેક બાદ આજે ગુજરાતમાં સત્તાવાર એન્ટ્રી કરી લીધી હતી. દક્ષિણ ગુજરાતમાં ભારે



વરસાદ થયો છે. જેથી લોકોમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે. વલસાડ, નવસાર, સુરત, ડાંગ, રાજકોટમાં ભારે વરસાદ થયો છે. રાજકોટમાં વીજળી પડવાથી બેના મોત પણ થયા છે. જ્યારે અંબાજીમાં પણ આજે સતત ત્રીજા દિવસે વરસાદ જારી રહ્યો હતો. ડાંગ અને વલસાડ જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં ભારે વરસાદ થયો છે. બંને જિલ્લાના મોટાભાગના તાલુકામાં ચાર ઈંચથી પણ વધુ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં વલસાડ શહેરમાં ૬૨ મીમીથી પણ વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે પારડી તાલુકામાં પાંચ ઈંચની આસપાસનો વરસાદ થયો છે. વાપીમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આહવા સહિત ડાંગ જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં સાપુતારા, વઘઈ, આહવાનો સમાવેશ થાય છે. નવસારી જિલ્લાના વણસંદામાં એક ઈંચથી વધુ વરસાદ થયો છે. જલાલપોરમાં પણ સારો વરસાદ થયો છે. ડાયમંડ સીટીમાં પણ મધ્યમથી ભારે વરસાદી ઝાપટા પડ્યા છે. કામરેજ, માંગરોળ, ઓલપાડમાં પણ વરસાદ નોંધાયો છે. સુરત જિલ્લાના જુદા જુદા તાલુકાઓમાં ઉલ્લેખનિય વરસાદ થયો છે. હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની ચેતવણી પણ જારી કરી દીધી છે. વરસાદમાં થોડાક સમય સુધી બ્રેકની સ્થિતિ રહ્યા બાદ આજે વરસાદની શરૂઆત થઈ હતી. રાજકોટ-ભાવનગર અને જસદણમાં પણ વરસાદની જોરદાર એન્ટ્રી થઈ ગઈ છે. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં વાદળાછાયા માહોલ વચ્ચે મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. હવામાન વિભાગના કહેવા મુજબ સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં હજુ વરસાદમાં વિલંબ થઈ શકે છે. અમદાવાદમાં આજે બફારાની સ્થિતિ રહી હતી. બફારા બાદ લોકો તીવ્ર ગરમીનો અનુભવ આજે કરતા નજરે પડ્યા હતા. અમદાવાદમાં મહત્તમ તાપમાન આજે ૩૯.૪ ડિગ્રી રહ્યું હતું. જ્યારે સૌથી વધુ ગરમીનો અનુભવ આજે સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં પારો ૪૧ ડિગ્રી રહ્યો હતો.

અમદાવાદ માટેની આગાહીમાં જણાવવામાં આવ્યું છે કે, હળવા વરસાદી ઝાપટા સાથે આંશિક વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. રાજ્યભરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ આજે પણ સુરેન્દ્રનગરમાં થયો હતો જ્યાં પારો ૪૧ ડિગ્રી રહ્યો હતો. હાલમાં મોનસુનની એન્ટ્રી પહેલા જે વિસ્તારમાં વરસાદના ઝાપટા પડ્યા હતા તેમાં કેશોદ, જુનાગઢ, અમરેલી, રાજુલા, ગોંડલ પંથક, ભાવનગરનો સમાવેશ થાય છે. વરસાદના લીધે ઠંડકનો માહોલ પણ છવાયો હતો. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. જોકે મોનસૂન બેસવાને લઈને હજુ સુધી તંત્ર તરફથી કોઈ વાત કરવામાં આવી નથી. સામાન્ય રીતે ચોમાસુ ૧૫મી જૂન સુધી ગુજરાતમાં બેસી જાય છે પરંતુ આ વખતે તેમાં વિલંબ થયો છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં દોરા તોડતા બે શખ્સો એલસીબીના સકંજામાં

## એલસીબીએ ૧.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લીધો : પોલીસે હિંમતનગરમાં ૫, ઈડરમાં ૩, વિજયનગરમાં ૧ અને ખેડબ્રહ્મામાં થયેલા એક દોરાની લૂંટનો ભેદ ઉકેલ્યો

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બાઈક પર આવી અજાણ્યા શખ્સો મહિલાના ગળામાંથી સોનાના દોરાની લૂંટ કરી ભાગી જતા હતા. જેથી પોલીસના માટે આ બાઈક સવારો પડકારરૂપ સાબિત થયા હતા. ત્યારે એલસીબીએ બાતમીને આધારે શુક્રવારે પોલીસે હિંમતનગરમાંથી એક રાજસ્થાની અને એક અમદાવાદી એમ બે શખ્સોને ઝડપી લીધા હતા. ત્યારબાદ પોલીસે તેમની પાસેથી રૂ. ૧.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૧૨ ચેઈન સ્નેચીંગના ગુનાનો ભેદ ઉકેલ્યો છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મહિલાઓના ગળામાંથી બાઈક સવારો ગમે તે સમયે આવીને સોનાના દોરાની લૂંટ કરીને ભાગી જતા હતા. જેથી પોલીસતંત્ર માટે પડકારરૂપ આ બાઈક સવારોને પકડી પાડવા ખુબજ જરૂરી હતુ. દરમ્યાન પોલીસને એવી બાતમી મળી હતી કે રાજસ્થાનના કેટલાક શખ્સો લૂંટ કરેલા સોનાના દોરા વેચવા માટે હિંમતનગર આવી રહ્યા છે. જે આધારે પોલીસે વોચ ગોઠવીને તપાસ કરતા બાઈક નં. આર.જે.૨૭.બીએ.૨૫૯૬ પર આવેલા શખ્સોની પુછપરછ કરતા તેમની પાસેથી રૂ. ૫૦ હજારની કિંમતના સોનાના દોરા તથા મોબાઈલ મળી આવ્યા હતા.

જેથી પોલીસે તેમની પુછપરછ કરતા તેમાં જશવંત ઉર્ફે જીવા ભીમજી અહારી (મીણા, રહે. બીલખ, તા. કેશરીયાજી, રાજસ્થાન) અને સુરેશ રામાભાઈ સોલંકી (રહે. અમદાવાદ) હોવાનું જણાયુ હતુ. આ બંને જણા સોનાના દોરા તોડવા જતા હતા ત્યારે બાઈકની પાછળથી નંબર પ્લેટ કાઢી નાખતા હતા. આ ચોરીમાં જીવા અહારીનો મિત્રો અને કેશરીયાજી તાલુકાના ભુદર ગામનો કનૈયા શંકર ક્લાસવા પણ સામેલ હતો. દોરા તોડવામાં બંને રાજસ્થાનીઓ અત્યાર સુધીમાં સાબરકાંઠાના હિંમતનગરમાંથી ૫, ઈડર ૩, ખેડબ્રહ્મા ૧, વિજયનગર ૧ અને મોડાસામાંથી ૨ દોરા મળી કુલ ૧૨ સોનાના દોરાની લૂંટ કરી હોવાનું પોલીસ સમક્ષ કબુલ્યુ હતુ. જેથી પોલીસે એક રાજસ્થાની અને એક અમદાવાદી એમ બે શખ્સોને ઈડર પોલીસ સ્ટેશનમાં રજુ કર્યા હતા.

### ચોરીનો મુદ્દામાલ અમદાવાદમાં વેચી દેવાતો હતો

જશવંત અહારી અને કનૈયા શંકર જે સોનાના દોરાની લૂંટ કરતા હતા તે દોરા અમદાવાદના કુબેરનગર વિસ્તારમાં ચોરીનો માલ લેનાર આશાબેન અને તેના પિતા રાજુ નાનુમલ સીંધીને વેચવામાં આવતા હતા. જેમાં અમદાવાદનો સુરેશ સમાભાઈ સોલંકી રૂ. ૨૦૦૦ કમીશન કાઢીને બાકીની રકમ જશળવંત અને કનૈયાને અપાવતો હતો.



મોડાસા મેવાડ માહેશ્વરી સમાજના ૫૧૫૧મી જન્મ જયંતી નિમિત્તે શીણોલ કોલીખડ માર્ગ પરના કેદારેશ્વર મહાદેવના મંદિરમાં વિશેષ પૂજા અર્ચના કરી આરતી ઉતારવામાં અવી હતી. ભગવાન મહેશના વંશજ એવા માહેશ્વરી સમાજની ૫૧૫૧મી હોવાથી વિશેષ ઉત્સાહપૂર્વક સમાજના તમામ પુરુષો સફેદ વસ્ત્ર તેમજ મહિલાઓ કેસરી લહેરિયાની સાડી પરિધાન કરીને આવ્યા હતા. મેવાડ માહેશ્વરી સમાજ દ્વારા પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના તમામ બંધુઓના સહિયોગથી સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### ધરવડીના એક આધેડે અગમ્ય કારણોસર

# નર્મદાની મુખ્ય કેનાલમાં છલાંગ લગાવી મોતને વ્હાલુ કર્યુ

કાંકરેજ તાલુકામાંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં મોતનો સિલસિલો યથાવત રહયો છે.ત્યારે આજ રોજ સવારે રાણકપુર નજીક કેનાલમાં એક આધેડની લાશ તરતી જોવા મળી હતી.લાશ જોવા કેનાલ ઉપર લોકોના ટોળે ટોળા ઉમટયા હતા.લાશની જાણ સ્થાનિકો દ્વારા થરા પોલિસને કરાતાં થરા પોલિસ સ્ટાફ ધટનાસ્થળે આવી શોધખોળ હાથ ધરતાં આધેડ રાધનપુર તાલુકાના ધરવડી ગામના કાન્તીભાઈ ભાણજીભાઈ જોષી હોવાનુ જાણવા મળયુ હતુ.તેઓ ધરવડીથી અગમ્ય કારણોસર ગઈ કાલે ગુરુવારે સાંજે ઘેરથી કહ્યા વગર નિકળી ગયા હતા.તેવુ તેમના પરીવારજનોએ જણાવ્યુ હતુ.

તેમની આજુબાજુના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરાતાં કાન્તીભાઈની ભાણજીભાઈ જોષીની લાશ નર્મદાની મુખ્ય કેનાલમાં હોવાનુ જાણવા મળ્યુ હતુ.પોલિસે તરત વાલિવારસોને જાણ કરતાં લાશને પી.એમ કરાવા માટે થરા રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.લાશનુ પી.એમ.રેફરલના ડોકટર અશોકભાઈ ગૌસ્વામીએ કર્યુ હતુ.પી.એમ કર્યા બાદ લાશ વાલિ વારસોને સુપરત કરવામાં આવી હતી.અને આગળની તપાસ થરા પોલિસ ચલાવી રહી છે.

# વડોદરામાં વિદ્યાર્થીની હત્યા કરનાર વિદ્યાર્થી અંતે પકડાયો

## ધોરણ-૧૦ના હત્યારા વિદ્યાર્થીની ધરપકડ : આરોપી વિદ્યાર્થીને હોમવર્ક નહી લાવતાં શાળાના શિક્ષકે ગંભીર ઠપકો આપી માર્યો હતો જેથી રજા માટે ક્રુર હત્યા






અમદાવાદ,તા.૨૩

વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં શ્રી ભારતી વિદ્યાલયમાં ધોરણ-૯માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની ચપ્પાના ૨૧થી વધુ ઘા મારી અત્યંત કમકમાટીભરી હત્યા કરવાના રાજયભરમાં ખળભળાટ મચાવનારા પ્રકરણમાં પોલીસે શાળાના જ ધોરણ-૧૦ના આરોપી વિદ્યાર્થીની વલસાડથી ધરપકડ કરી લીધી હતી. આરોપી વિદ્યાર્થીની પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો હતો કે, આ વિદ્યાર્થીને ત્રણ દિવસ પહેલાં હોમવર્ક નહી લાવવાના કારણસર શાળાના શિક્ષકે ગંભીર ઠપકો આપ્યો હતો અને માર્યો હતો. તેથી તેનો ગુસ્સો રાખી આરોપી વિદ્યાર્થીએ કાયમી ધોરણે શાળા બંધ કરાવવા ધો-૯ના વિદ્યાર્થીની હત્યાને અંજામ આપ્યો હતો. જો કે, પોલીસ વિદ્યાર્થીએ કરેલા આ ખુલાસા છતાં બીજી થિયરીઓ પણ તપાસી રહી છે. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી હકીકત સામે આવી હતી કે, ધોરણ-૧૦ના હત્યારા વિદ્યાર્થીએ માત્ર ૯૦ સેકન્ડમાં જ ધોરણ-૯ના વિદ્યાર્થી દેવ ભગવાનદાસ તડવીની અત્યંત કમકમાટીભરી હત્યા કરી ફરાર થઇ ગયો હતો. હત્યારા વિદ્યાર્થીએ હત્યા બાદ તેનું સફેદ શર્ટ કાઢી બાજુના મંદિરની છતર પર ફેંકી દીધુ હતું. જો કે, પોલીસે ધોરણ-૯ના વિદ્યાર્થીની હત્યા કયા કારણથી અને શા માટે કરવામાં આવી તેનું સાચુ કારણ જાણવાની દિશામાં તપાસ વેગવંતી બનાવી છે. આ હત્યામાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીની સાથે અન્ય કોઇ વિદ્યાર્થીઓ કે અન્ય કોઇ આરોપી સંડોવાયેલ છે કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બીજીબાજુ, આજે સતત બીજા દિવસે શ્રી ભારતી વિદ્યાલયમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવ્યું હતું, કારણ કે, મૃતક વિદ્યાર્થીના વાલીઓ અને પરિવારજનો સહિતના લોકોએ સ્કૂલમાં જોરદાર હોબાળો મચાવ્યો હતો અને તેઓને ન્યાય આપવા અને હત્યારા વિદ્યાર્થીને ફાંસી અથવા જન્મટીપની આકરી સજા ફટકારવા માંગણી કરી હતી. દરમ્યાન રાજયના બાળ વિકાસ આયોગના ચેરમેન જાગૃતિ પંડયાએ પણ વડોદરાની મુલાકાત લઇ સ્થાનિક જિલ્લા પોલીસ વડા, મેયર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિતના સત્તાધીશો સાથે આ સમગ્ર ઘટના અંગે વિસ્તારપૂર્વક ચર્ચા વિચારણા હાથ ધરી હતી. રાજયભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનારા આ કિસ્સાની વિગત એવી છે કે, વડોદરા શહેરના બરાનપુરા વિસ્તારમાં આવેલી શ્રી ભારતી વિદ્યાલયના શૌચાલયમાંથી નવમાં ધોરણમાં ભણતા દેવ ભગવાનદાસ તડવી નામના વિદ્યાર્થીનો મૃતદેહ આજે બપોરના સમયે લોહીલુહાણ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે ઘટના સ્થળે પહોંચીને આ મામલે તપાસ હાથ ધરી હતી. વિદ્યાર્થીને માથા, પેટ, ગળા અને હાથના ભાગે ઘા માર્યા બાદ દિવાલ સાથે માથુ પછાડીને હત્યા કરી દેવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલી પોલીસ પણ વિદ્યાર્થીના મૃતદેહને જોઈને સ્તબ્ધ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ વાલીઓ અને આસપાસમાં રહેતા લોકોના ટોળા સ્કૂલમાં એકત્ર થઈ ગયા હતા. પોલીસે સમગ્ર મામલાની ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ ખૂબ જ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે યોજાઈ ગ્રામસભા

કાંકરેજ તાલુકાના દરેક ગામડાના પંચાયતો મા ૧/૬/૨૦૧૮ ને લઈ સરકારના નિયમ મુજબ ગ્રામસભાઓ યોજાઈ હતી જેમાં આકોલી ઠાકોર વાસ ખાતે ગ્રામ સચિવાલય મા સરપંચના અધ્યક્ષ સ્થાને સભા યોજાઈ હતી આ પ્રસંગે તાલુકા આરોગ્ય સુપરવાઈઝર અમ્રુત એસ. પ્રજાપતિ, જે જી પુજારા પશું નિરીક્ષક મનીષા .એચ .પટણી, વિપુલ પ્રજાપતિ, સજ્જબા વાઘેલા આસાવર્કર, પુનિતા ગૌસ્વામી, મનહરબા વાઘેલા, મધુબેન આંગણવાડી સહિતના ગ્રામ લોકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ચોમાસાનાં રૂતૂને ધ્યાને લઈ ગટર અને રસ્તાઓ ની સફાઈ તેમજ લોકો ને પાણી રોડ રસ્તા અને આરોગ્ય ની જરૂરિયાત પુરી પાડવા આરોગ્ય વિભાગના કર્મચારીઓ સતત મહેનત કરી રોગો ઉપર નિયંત્રણ રાખી રહ્યા સે અંને પશુઓ માટેનું માર્ગદર્શન પુજારાએ આપ્યું હતું અને આકોલી સરપંચ ગાંડાજી વાઘેલાએ ગામના વિકાસના કામો



કરવા ખાત્રી આપી હતી.

વધુમાં ઘરવેરા પાણિવેરા ભરવા તલાટી દ્વારા જાણ કરવા મા આવી હતી અને લોકોને મળતા સરકારી લાભો જેવા કે મકાન સહાય, વ્રુધ્ધા પેન્શન, વિધવાઓને સહાય, પશુઓ માટે ઘાસચારો, આરોગ્યની સેવાઓમાં અમ્રુતમ કાર્ડ, રેશનકાર્ડને લગતી સેવાઓ બી.પી.એલ. લાભાર્થીઓ મળે એવી ગ્રામ પંચાયત દ્વારા કામગીરી કરવા માટે લોકો ને જાનકારી આપી હતી. જોકે આકોલી ઠાકોર વાસ મા ઘણાં કુટુમ્બો એવા સે કે જેને રહેવાના અને ખાવાના ફાંફાં સે ત્યારે સરકારના અધિકારીઓ દ્વારા ટીમ લઈ આવા લોકોના સર્વે ની કામગરી કરી લોકોને ન્યાય આપે એ જરૂરી સે ત્યારે આવા ગરીબ કુટુંબના સભ્યો એ.પી.એલ. કાર્ડ ધરાવે સે જ્યારે જમીન અને બોર માલિકો બી પી એલના લાભો લેશે આવા ભૂતિયા બીપીએલ લાભાર્થીઓને ડિલીટ કરી નવા નામો ઉમેરી સાચા લાભાર્થીઓને ન્યાય સરકારના અધિકારીઓ આપશે ખરા ? જેવા વેધક સવાલો ગ્રામ સભામા બેઠેલા લોકોના મુખે ચર્ચા નો વિષય બનવા પામ્યા હતા. આમ આકોલી ખાતે ગ્રામ સભા યોજાઈ હતી જેમાં ડેપ્યુટી સરપંચ અને સરપંચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ મામલદાર કચેરી દ્વારા સૂકા ઘાસનું ૧૧ ગૌશાળાને વિતરણ કર્યું

કાંકરેજ તાલુકા માં આવેલ અગિયાર જેટલી ગૌશાળા ને સરકાર દ્વારા અપાયેલા સૂકા ઘાસ ની ૧૪૮૪ ગાંસડીઓ નું વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણ ની રેખદેખ હેઠળ રેવન્યુ તલાટીઓ એસ .ટી .દવે .અનુપસિંહ સોલંકી અને બીજા અગિયાર જેટલા તલાટીઓ દ્વારા ગાંસડીઓ ભરેલ ગાડીઓ ગૌશાળાના સંચાલકો ને પશુઓ માટે ઘાસ ચારા ની જોગવાઈ સરકાર એ કરતાં પશુઓ ને રાહત થવા પામી સે જોકે ગૌશાળાના સંચાલકોના આંદોલન ને લઈ સરકાર દ્વારા ખૂબ સારો નિર્ણય લેતા ધર્મ પ્રેમીઓ મા ખુશીના સમાચાર જોવા મળ્યા હતા.



મોડાસા નજીક રાણાસૈયદ બાયપાસ ચોકડી નજીક શુક્રવારે બપોરના સુમારે ધનસુરા તરફથી આવતી રિક્ષાના ચાલકે રાણાસૈયદ નજીક રોડ બાજુ ઉભેલી રિક્ષાને ધડાકાભેર ટક્કર મારતા ૧ વ્યક્તિના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. રિક્ષામાં સવાર ૨ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલસ મારફતે સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ૧ ગંભીર ઈજાગ્રસ્ત સહીત અન્ય ૨ મુસાફરો સંતરામપુરના હોવાની પ્રાથમિક માહિતી મળી હતી.

## વાવણીનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અનુભવી રહયા છે. ગરમીનો પારો પણ રોજબરોજ અપડાઉન થતા મોસમના બદલાતા મિજાજ વચ્ચે ગરમીનુ પ્રભુત્વ યથાવત છે. બીજીતરફ છેલ્લા ઘણાં સમયથી વરસાદી વાદળો આકાશમાં લુપાછુપી રમતા નજરે પડે છે. આમછતા મેઘરાજા મનમુકીને વરસતા નથી. અગાઉ પણ વરસાદી ઝાપટાના અંતે ગરમીનુ મોજુ ફરી વળતા નગરજનોએ ઉનાળા જેવા હીટવેવ સહન કરવાનો વારો આવ્યો હતો. ગરમીના પારાની ચઢઉતર વચ્ચે શહેરીજનો આકરો બફારો અનુભવી રહયા છે. આકરી ગરમીથી ત્રસ્ત નગરજનો હવે નભ તરફ નજર માંડીને વરસાદીની વાટે છે. જયારે ખેડુતો પણ વાવણી ટાંણે હવે મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સાથે બેઠા છે. વરસાદ ખેંચાયો હોવાથી સૌ કોઈ આતુરતાથી મેઘરાજાની વાટે છે. જયારે વનતંત્ર દ્વારા પણ વરસાદી દિવસોને અનુલક્ષી વિશેષ નવા રોપાઓની વાવણીનુ આયોજન કરવામાં આવે છે. જયારે શહેરી વિસ્તારમાં પણ નવા રોપાઓની વાવણી માટે ૨૨ હજાર જેટલા ખાડાઓ ખોદવામાં આવ્યા છે. જયારે નગરની નર્સરીમાં રોપાઓ પણ તૈયાર છે. પરંતુ વરસાદ ખેંચાતા નર્સરીમાં રોપાઓ પણ ધુળ ખાય છે. શહેરી વિસ્તારમાં રોપાઓની વાવણી માટે વન આરક્ષિત જગ્યામાં સફાઈ કરી નવા રોપાઓની વાવણી કરવાનુ આયોજન પણ કરી દેવાયુ છે. થોડા સમય અગાઉ વનતંત્ર દ્વારા સે-૨૨ માં ઢોર ડબ્બા વિસ્તારમાં ખાલી જગ્યાની સફાઈ કરી નવા રોપાઓની વાવણી પણ કરી દેવામં આવી છે. જયારે હવે વરસાદી દિવસોની શરૂઆતમાં વનતંત્ર વાવણીનુ કામ શરૂ કરશે.

## યોજનાની જાહેરાત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વીજ ઉત્પાદન પોતાના જ ખેતરમાં જાતે જ કરીને તેનો ઉપયોગ સિંચાઈ માટે કરી શકે તેવો કિસાન હિતકારી આશય આ સ્કાય યોજનાનો છે તેમ ઊર્જા મંત્રીએ ઉમેર્યું હતું.

સૌરભભાઈ પટેલે આ સ્કાય યોજનાની વિશદ ભૂમિકા આપતાં જણાવ્યું કે, સ્કાય-સૂર્યશકિત કિસાન યોજના એ રાજ્યના ધરતીપુત્રો માટે વિકાસની ઊંચી ઊડાન બની રહેશે.

ખેડૂત અને રાજ્ય સરકાર બેય માટે વિન-વિન સિચ્યુએશન ઊભી કરનારી આ સ્કાય યોજનામાં ધરતીપુત્ર સોલાર પેનલ પોતાના ખેતરમાં લગાવીને જે સૌરઊર્જા ઉત્પન્ન કરશે તેની પોતાના કૃષિ વિષયક વપરાશની વીજળી બાદ વધેલી વીજળી રાજ્યની વીજ કંપનીઓને વેચાણથી આપશે અને તે માટે તેને વધારાની આવક પણ મળતી થશે.

ધરતી પુત્રો સ્કાય યોજનાનો લાભ લેવા માટે જે મૂડી રોકાણ કરશે તે રોકાણ તેને વધારાની વીજળીના વેચાણ દ્વારા ૮ થી ૧૮ માસમાં જ પરત મળી જશે તેમ પણ સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું.

## ૨૯માં ક્રમે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે આ પરિણામ જાહેર થતાં મનપાની કચેરીમાં અધિકારીઓ, પદાધિકારીઓ અને કર્મચારીઓમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

શહેરમાં સ્વચ્છતા અંગે ત્રણ ભાગમાં મૂલ્યાંકન કરવામાં આવ્યુ હતુ. એક લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સર્વિસ લેવલ, ડાયરેક્ટ ઓબ્ઝર્વેશન અને સ્વચ્છતા એપ પર લોકોની ભાગીદારી તેમજ ફીડબેક મળી કુલ ૪૦૦૦ ગુણમાંથી ગાંધીનગર શહેરને ૩૦૪૬ ગુણાંક પ્રાપ્ત થયા છે.

શહેરમાં સ્વચ્છતા અંગે એપ્રિલ માસમાં સર્વેક્ષણની ટીમ ગાંધીનગર આવી હતી અને તેણે મનપાની કોઈપણ સેવાનો લાભ લીધા વિના સર્વેક્ષણની કામગીરી કરી હતી.

ગાંધીનગર જિલ્લાનું કલોલ નગર પણ સ્વચ્છતા સર્વેક્ષણમાં ૨૨૭મા ક્રમે આવ્યુ છે જે એક નોંધનીય ઘટના છે. કલોલ શહેર પ્રથમવાર જ આ સ્પર્ધામાં જોડાયુ હતુ.

ગાંધીનગર શહેર ૨૦મા ક્રમે આવ્યુ ત્યારે મનપા સત્તાવાળાઓએ સ્વચ્છતામાં અગ્રેસર બની મોખરાનું સ્થાન પ્રાપ્ત કરવાનો નિર્ણય કર્યો હતો અને તે મુજબની રણનીતિ પણ તૈયાર કરી હતી. સફાઈની એક માત્ર સેવા સરકારે સોંપી છે. જે ઉલ્લેખનીય છે.

## રઝળપાટ

● ચોથા પાનાનું ચાલું

આંતરરાષ્ટ્રીય બંને સ્તરે સારો અને આર્થિક પ્રતિભાવો મળવા લાગ્યા છે એ અતિ આનંદની વાત છે કેમકે ભારત પાસે કળાનો એક સમૃદ્ધ વારસો છે અને એની યોગ્ય કદર આવકાર્ય છે અને તૈયબ મેહતા જેવા કલાકારોની કદર થાય એ આવનારી આર્ટીસ્ટ પેઢી માટે ખુશીની ખબર છે.

વિસામો :

ભારતના મહાન ચિત્રકાર રાજા રવી વર્મા પર કેતન મહેતા એ રણદીપ હુડ્ડા ને લઈને હિન્દી અને ઈંગ્લીશમાં ફિલ્મ બનાવેલી જેનું અંગ્રેજીમાં નામ હતું 'કલર ઓફ પેશન્સ' રવિયા અને હિન્દીમાં 'રંગ રસિયા'...!